VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# જમીનદારી અને જીવનસંઘર્ષ વચ્ચે જીવન વાસ્તવને પ્રગટ કરતી કથા: 'છ વીઘા જમીન'

## વાઘેશ્વરી દિવ્યા આર.

પીએચ.ડી.સંશોધક, ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

## *લેખક પરિચય*

*ઉડિયા ગદ્ય અને કથા સાહિત્યના પિતાનું બહુમાન જેમને આપવામાં આવ્યું છે એવાં ફકીર મોહન સેનાપતિનો જન્મ ઓડિશાના મલ્લિકાપુર ગામમાં ૧૩ જાન્યુઆરી, ઈ.સ.૧૮૪૩માં થયો હતો. તેમનું મૂળ નામ વ્રજમોહન હતુ.ગંભીર બીમારીમાંથી ઉગરતા દાદીની માનતા મુજબ 'ફકીર' બન્યાં હતાં.ઉડિયા ગદ્ય અને કથા સાહિત્યમાં તેમનો ફાળો પ્રમુખ છે.નવલકથા,વાર્તાસંગ્રહ,આત્મકથા એમ અલગ-અલગ સહિત્ય સ્વરૂપોમાં તેમનું સાહિત્ય રચાયું છે.૭૫ વર્ષનું આયુષ્ય ભોગવીને લેખક ઇ.સ.૧૯૧૮માં અવસાન પામ્યા હતા.*

***કીવર્ડ્સ:*** *જમીન,જમીનદારી,માનવીય(ઈચ્છા)એષણા, નિઃસંતાનતા,શોષણપ્રથા,ઈશ્વર-ન્યાય,કર્મવાદ સિદ્ધાંત.*

## પદ્ધતિ : નિરીક્ષણ પદ્ધતિ

માનવીય એષણાઓ અનંત છે. અમુક ઈચ્છા માનવ પ્રયત્નપૂર્વક પૂરી કરી શકે છે.પરંતુ અમુક વાર અથાક પ્રયત્નો કરવા છતાં પણ કેટલીક ઈચ્છાઓ અધૂરી રહી જાય છે. આવી અપૂર્ણ ઈચ્છાઓ માનવ મનને ઘેલું બનાવી કંઈ પણ કરી છૂટવા મજબૂર કરી લે છે.પરંતુ તેનાં પરિણામો કેટલાં ભયંકર આવી શકે તે માનવ વિચારી પણ શકતો નથી.જમાનાના ખાધેલ માણસો બીજાનું અહિત કરીને ય પોતાનાં મનોરથો પૂરાં કરી લે છે.કિન્તુ એજ સિક્કાની બીજી બાજુએ રહેલાં ભોળા, લાગણીશીલ અને પરગજુ માનવીઓ કફોળી હાલતમાં મુકાઇ જાય છે. એ વાત 'છ વીઘા જમીન'માં ખૂબ સારી રીતે જોઇ શકાય છે.

## સાહિત્ય સમીક્ષા

જમીનદારીમાં શોષણ કરનારા અને શોષણનો ભોગ બનનારા આ જગતમાં ક્યારેય ઘટવાના નથી ,આ ચક્ર હંમેશા ચાલતું જ રહેશે એવો લેખકનો દ્રષ્ટિકોણ અહીં કથાનાં માધ્યમ વડે ઉત્તમ રીતે રજૂ કરાયો છે. જીવનમાં જે વસ્તુની માનવીને અછત હોય તેને આપવાની કે અપાવવાની લાલચ આપી માનવીને જે હદે છેતરવામાં આવે તથા પોતાની ઈચ્છા પૂરી કરવા માટે માનવી પોતાનું સર્વસ્વ ત્યાગી દેતા પણ અચકાતા નથી. વળી,ઈશ્વર-ન્યાય તથા કર્મફળ સિદ્ધાંતને પણ મહત્વ આપતી આ નવલકથા છે. જમીનદારી પ્રથામાં ચાલાક,કુટીલતાની ચરમસીમાએ પહોંચેલા માનવો અને તેની વિરુદ્ધ ભોળા, ગ્રામીણ અને સજ્જતાની મૂર્તિ સમા માનવો આ બંને વચ્ચેનો ભેદ લેખકે બહુ સુંદર રીતે ઉપસાવી શક્યાં છે.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

સાહિત્યના ક્ષેત્રમાં જેઓ ઊંડા અભ્યાસી હોઈ તેવા લેખકો પોતાનાં લખાણમાં બખૂબી રીતે જીવાતું જીવન અને જે જીવન જીવવાની ઈચ્છા હોય તેવું જીવન દરેક લોકોને કંઈ સરળતાથી મળી જતું હોતું નથી. એ વાત પોતાની કલ્પનાશકિત વડે અને પોતાના એક અલગ જ અંદાજમાં એને રજૂ કરી શકતાં હોય છે.ફકીર મોહન સેનાપતિ આવા જ એક ઉમદા લેખક છે.

માનવ મનને બાકી રહેલી જિંદગીમાં પોતાની મરજી મુજબનાં જગતમાં જીવવાની ઈચ્છા સ્વાભાવિક થતી હોય છે,પરંતુ પોતાનાં તમામ પ્રયત્નો, સમય, શકિત અને નાણાં બધુ ખર્ચ કર્યા છતાં પણ પોતાનું મનોવિશ્વ ન મળે ત્યારે હતાશ બનવું,પોતાનું જીવન બરબાદ કરનારને કંઈ રીતે નુકશાન ન થતું જોઇ દુઃખી હાલાતમાં માનસિક તાણ અનુભવવી સ્વભાવિક છે. એવાં દુઃખના દિવસોનાં બધાં લક્ષણો ભગ્યો અને સારિયામાં જોવા મળે છે. પોતાની પ્રિય પત્નીને ગુમાવીચૂકેલો ભગયો અને નિઃસંતાન એવી સારિયા પોતાની નેત નામની ગાયને સંતાન જેવો વહાલ વરસાવતા પણ એ ગાય પણ ગુમાવી,વધુમાં પતિને વારસામાં મળેલ ઉપજાવ જમીનનો ટુકડો પણ છીનવાઈ ગ્યો.ઘરકામમાં પત્નીને મદદ કરતો પ્રેમાળ પતિ ભગયો પણ પાગલ બને એવા દુઃખો ભારતીય પત્ની સરિયાના માટે દુઃખના ડુંગરા ઊભા કરે છે.ખરાબ કર્મો વ્યક્તિને અંતે ખરાબ અંત તરફ જાતે જ લઈ જાય છે એ વાત ગોવિંદ અને ચંપાનાં પાત્ર દ્વારા જાણી શકાય છે.પેહલાં મંગ્રરાજ પછી વકીલ લાલારામ એમ દરેક પાત્ર છેતરામણીની હારમાળા ચલાવતા જ રહેશે એવાં અનેક પેહેલુઓથી આ 'છ વીઘા જમીન' નવલકથા ને તપાસી શકાય છે.

## ‘છ વીઘા જમીન’

ભારત એક એવો દેશ છે,જ્યાં તમામ લોકો હળી-મળીને રહે છે.અહી સારાં-નરસાં દરેક લોકો વસવાટ કરે છે.પરંતુ અમુક માણસો જે પોતાની ચાલાકી કે સમૃદ્ધિ વડે કોઈને મદદરૂપ થવાના બદલે તેનો ઉપયોગ છેતરવામાં કરીને પોતે ખુશ થતાં હોય છે,પરંતુ આવાં લોકો પોતાની પાછલી જિંદગીમાં જે કરુણ અવસ્થાનો ભોગ બનતાં હોય તેવું ચિત્રણ ઉડિયા નવલકથાકાર ફકીર મોહન સેનાપતિએ એક વાસ્તવની ધરતીના અનુભવાર્થી બનીને કથારૂપે મૂકી આપે એ‘છ વીઘા જમીન’ નામની સુંદર નવલકથા.

‘છ વીઘા જમીન'નો અર્થ છ માણ આઠ ગુંઠા એટલે (છ એકર આઠ ડીસીમલ)

કૃતિનું નામ : ‘છ વીઘા જમીન’ નવલકથા

લેખકનું નામ : ફકીર મોહન સેનાપતિ

મૂળ ભાષા : ઉડિયા , ગુજરાતી અનુવાદ્દક : મીરાં ભટ્ટ

પાન : ૧૯૨ ,પ્રકરણ : ૨૭ , ગામ : 'ફતેપુર સરસંડ'તાલુકો, ગોવિંદપુર ગામ,વિરૂપા નદી.

પાત્ર પરિચય :મુખ્યપાત્રો:ભગીયા,સારીયા, રામચંદ્ર મંગરાજ,ચંપા.

ગૌણ પાત્રો : શેખ કરામત અલી, દિલદાર મીયા, જગો,ગોવિંદ, વકીલ લાલરામ, ગોબરો..

ભારત જેવાં ખેતીપ્રધાન દેશમાં માનવ સાથે પશુઓ પણ જોડાયેલા છે.ગોવિંદપુર નામે એક ગામ.જ્યાં ભગીયા અને સારિયા નામે એક વણકર દંપતી રહે છે. રામચંદ્ર મગરાજની ભવ્ય સમૃદ્ધિના વર્ણનથી નવલકથાની શરૂઆત થાય છે. સાત વર્ષની વયે અનાથ થયેલો રામચંદ્ર મંગરાજ મા-બાપ મરી જતા તેમનું બારમું કરવા પણ અસમર્થ એટલો ગરીબ હતો. પરંતુ કારમી ગરીબીમાંથી પોતાની બુદ્ધિને લીધે જ તે સમય જતા અમીર બને છે. મૂળે ગરીબ ઘરનું સંતાન પરંતુ પોતાની સૂઝબુઝ,કુટિલતા,ચાલાકી અને બાહુબળથી આજે તેની પાસે બધું જ છે.પત્ની, ત્રણ દીકરા,વહુઓ,પાંચ ઓરડાવાળી હવેલી,બગીચો વગેરે વગેરે.

શેખ કરામત અલીનું એકનું એક સંતાન એટલે દિલદાર મીયા!.પિતા દિલદારને શિખામણ આપતા કહી ગયા હતા કે "જો, આ દેશમાં મહાંતિ લોકો છે ને, એ ભારે બદમાશ છે. હું તો હિસાબ-કિતાબ બરાબર રાખતો, એટલે મને તો એ છેતરી શકતા નહીં."૧

http://vidyajournal.org

ટૂંકમાં દીકરાને પિતા જમીનદારીની છેતરામણી બાબતે ધ્યાન રાખવા બાબત કહી ગયા હોવા છતાં પણ પોતાના નામ પ્રમાણે જ દિલદાર કંઈક વધુ વધુ પડતો જ દિલદાર હોઇ ઘરનું માલ-સામાન -જમીનદારી બધું જ વેચી કરીને ય કરજ લઈને ગીરવે મૂકીને ખાવા-પીવામાં,નાચવાવાળી મજલીશોમાંથી બહાર નીકળતો નથી.

દિલદાર મિયાની આ જ નબળાઈનો લાભ લઈને રામચંદ્ર મંગરાજ તેમનો વિશ્વાસ જીતી ભળાવી-પટાવીને સૌથી મોટો તાલુકો 'ફતેપુર સરસંડ'અને બીજા તાલુકાદારીનાં હકો પણ પોતાને હસ્તક કરી લે છે.જેમાંનું ગોવિંદપુર સૌથી મોટું ૫૦૦ ઘરની વસ્તીવાળું ગામ છે, જ્યાં વણકરવાસમાં ભગીયા-સારીયા નામે વણકર દંપતી રહે છે.

મંગળા માતામાં શ્રદ્ધા રાખતા ભોળા,સીધા-સાદા,છલકપટ વિનાનું આ દંપતિ સુખી દાંપત્યજીવન ભોગવે છે.પરંતુ નિ:સંતાન હોઇ બધો પ્રેમ સારીયા ‘નેત’ નામની તેની ગાય પર ઢોળે છે.ભગિયાના બાપુ ગોવિંદચંદ્રજી વાઘસિંહ જમીનદાર વંશે પોતાની પડતીના દિવસોમાં વહેંચેલી ગામના નીચાણ ભાગેની ‘છ વીઘા આઠ ગુંઠા’જમીનનો ઊંડો વાટકા જેવો ટુકડો ખરીદેલો.આ જમીનનો ટુકડો જેના ઘરે ગયો તેનું નિકંદન નીકળી ગયું એવું લોકોનું માનવું છે.આ જમીનનો કટકો આ નવલકથાની ઉત્પત્તિનું મુખ્ય કારણ બને છે. જમીનમાં ગામના ધુવાણનું પાણી પડતા ખેતી સારી થતી એટલે આવી ઉપજાવ જમીન જે ભગીયા-સારીયા એ તો ભાગે ખેતી કરવા આપેલી છે,પણ મંગરાજ આવી ઉપજાવ જમીન તો પોતાની પાસે હોવી જોઈએ એવી ઈચ્છા ધરાવે છે એટલે એક ચાલાકી ભરી યુક્તિ કરે છે.

રામચંદ્ર મંગરાજને ચંપા નામે એક દાસી છે.જે મંગરાજની અત્યંત નિકટ એટલી નિકટ કે પત્ની એટલે કે શેઠાણી કરતા પણ એ મંગરાજ પર વધારે આધિપત્ય ધરાવતી એવી આ ચંપા મંગરાજનાં દરેક કામમાં સહકાર આપે છે. ગામના પૂજારીને માતા સ્વપ્ને આવીને પૂજા કરવાનું કહી ગયા ને મૂર્તિ પાછળ અગાઉથી જ મંગરાજનો માણસ છુપાઈને બોલે કે વરદાન આપુ 'સોનું મળશે,ત્રણ પુત્ર થશે પણ મંદિર બંધાવ,નકર ભગીયાને ગળુ દબાવીને મારી દઈશ.ભોળું વણકર દંપતિ ખાસ તો ચાલાકી-લુચ્ચાઈથી ભરેલી-છેતરપિંડીમાં અવ્વલ એવી ચંપાની વાતોથી ભરમાયેલી સારીયા - જે કહે તે પણ પોતાને સંતાન મળશે એવી આશાથી ચંપાની ચાલાકી ભરી વાતોમાં આવી જાય છે. ચંપાની ચાલાકીભરી સમજાવટમાં સારીયાને અપાતી સમજણનો એક અંશ "જો સારિયા, પૈસા પૈસા શું કરે છે? સોનામાં શું બળ્યું છે? રૂપિયા અને સોનાચાંદીથી કંઈ સ્વર્ગ નથી મળી જતું. ખરું સુખ તો છે બાળબચ્ચાંઓમાં. જે ઘરમાં બાળક ન હોય તે ઘરમાં તો ધોળા દિવસે ય અંધારું ધબ્બ હોય!"૨

કુશળ રાજનીતિજ્ઞ ચંપા સો- દોઢ સો રૂપિયામાં મંગળા માતાનું મંદિર ઊભું થશે,પૈસા રામચંદ્ર મંગરાજ તારી જમીન લખીને લઈ આપશે, મંગળા માતા તને કૃપા કરીને રૂપિયાનો વરસાદ કરશે,વળી બાળક ન હોય તો બધું સુખ નકામુ. તારું મો ન જોવું પડે તેથી સવારમાં તારા ઘરે પાસેથી કોઈ નીકળતું નથી. વગેરે વગેરે કહીને ત્રણ દીકરા જોતા હોય તો અને ભગીયાનું આયુષ્ય વધારવા આ બધું કહ્યું કરજે ને ઉપવાસ કરાવા માટે પણ સારિયાને રાજી કરી લે છે.

મંગરાજ છ મહિનાની મુદતની શરતે દેવું ન ચૂકવાતા વણકર દંપતિની જમીન લઈ લે છે,વળી કેસના ખર્ચા માટે ઘરની હરાજી કરાવી ઘર ખરીદીને તે તોડાવી ને પડાવી દેતા ભગયો ગાંડો થઈ જાય છે.સારિયા રડતી-ભટકતી વિનંતીઓ કરતી મરણ પામે છે. સારિયાના ખુનનાં આરોપસર મંગરાજને પોલીસ પકડી તો લે છે, પરંતુ જજ લાશ પર લાઠીના પ્રહાર નથી અને સારિયા ઉપવાસ અને માનસિક તાણના લીધે મૃત્યુ પામી છે.તેથી માત્ર ગાય હડપ કરવાના ગુનાસર જ મંગરાજને છ મહિનાની સખત કેદ અને રૂપિયા પાંચસો દંડ થાય છે. બીજી બાજુ ચંપા અને રામચંદ્રનો નોકર ગોવિંદ વચ્ચે લૂંટના માલ બાબતે ઝઘડો થતા ગોવિંદ સુતેલી ચંપાની ગરદન કાપીને છેવટે પોતે ય ડરના આકસ્મિક સંજોગોમાં મરણ પામે છે.મંગરાજને વકીલ લાલાભાઇ કેદથી છોડાવવાના બદલામાં મંગરાજનું મકાન સહિત બધું જ નામે કરાવી લે છે એ વકીલની વાણીનો એક અંશ એ દર્શાવે છે કે આ છેતરામણીનું ચક્ર ચાલ્યા જ કરવાનું છે ખાલી માણસ બદલાતા રહેશે.

“મામલો એવો મુશ્કેલ છે કે બીજો કોઈ વકીલ હોત તો રોકડા દશ હજારે પણ હાથમાં લેવાં તૈયાર ન થાત. આ તો વળી હું આ મામલો હાથમાં લેવા તૈયાર થઈ રહયો છું.તમે તમારી બધી જમીનદારી અમુક મુદત માટે શરતી વેચાણે મારા નામે

http://vidyajournal.org

લખાવી દો.બધા રૂપિયા ખર્ચાઈ જ જશે, તેવું તો કંઈ નથી. તમે છૂટા થશો કે તુરત જ હું પાઈ એ પાઈનો હિસાબ તમને સમજાવી દઈશ."3

મંગરાજને જેલમાં ભગીયા જેવાં અનેક લોકો જેઓના પતનનું કારણ મંગરાજ જ હોઈ તેના દુશ્મનો તેને મોકો મળતા ખૂબ માર મારે છે.વળી ગાંડો ભગયો તો તેનું નાક કરડી લે છે. અસહ્ય મારથી ખૂબ ખરાબ રીતે ઘાયલ પરિસ્થિતિમાં મુકાયેલ મંગરાજને જેલમાંથી જીવનનાં અંતિમ દિવસોમાં મુક્ત કરી દેવાય છે.જ્યાં પોતાની સદગુણી પત્ની મરણ પામી હોય તે જગ્યાએ જ મંગરાજ પણ મૃત્યુ પામેલી પત્નીનાં સદગુણો યાદ કરી ખૂબ જ લાચાર અવસ્થામાં મૃત્યુ પામે છે.

## નિષ્કર્ષ

વ્યકિતના સારાં કે ખરાબ કર્મો આ ધરતી પર જ ભોગવ્યા વિના કોઈ ને પણ છૂટકો નથી.જે વ્યક્તિ બીજાનું બૂરું કરે,કોઈનો આત્મા દુખી કરે તો પોતે પણ એવી જ યાતનાઓ દુઃખ અને માનસિક-શારીરિક પીડા ભોગવીને પોતાના ખરાબ કર્મોનાં ફળ અહી જ ભોગવીને જશે એવો આ ‘છ વીઘા જમીન’નો સૂર છે.

## નવલકથા વિશેષ ચર્ચા

- ‘છ વીઘા જમીન’ લેખકની સર્વોત્તમ કૃત્તિ મનાય છે.
- લેખકે ઓડિશાના જુદા-જુદા જિલ્લાઓમાં સરકારી વહીવટના કામકાજ દરમિયાન સારા-નરસા વ્યક્તિઓ તથા એમના જીવનની વાસ્તવિક પરિસ્થિતિ અને અનુભવોના આધારે પોતાની સમજણ અનુસાર જે કંઈ આત્મસાત કર્યું છે તેના આધારે લખાયેલી કથા તે ‘છ વીઘા જમીન’.
- કાંલિન્દીચરણ પાણીગ્રાહી દ્વારા આ નવલકથાની ભૂમિકા લખાઇ છે.
- ઇ.સ.૧૯૮૨માં મીરાં ભટ્ટ દ્વારા 'છ વિઘા જમીન' નવલકથાનો અનુવાદ મળે છે.
- જપ્તી, હરકળા, ખિલ્લી, કોઇલી-ગીત જેવાં અનેક શબ્દોનાં અર્થ, સંસ્કૃત વાક્યોનાં અનુવાદ અને જે કાંઈ પણ શબ્દો લેખકે ઉપયોગમાં લીધાં છે તે તમામને પૂર્ણ અર્થ-સમજ આપીને લેખક આગળ વધ્યાં છે. જેના કારણે કૃતિ વાચનનાં આનંદ સાથે વાચકનાં જ્ઞાનમાં નવી જાણકરીઓ પણ સામેલ થાય છે.

## સંદર્ભગ્રંથ

1. ‘છ વીઘા જમીન’,ફકીર મોહન સેનાપતિ,સાહિત્ય અકાદમી,નવી દિલ્હી,પ્રથમ આવુતિ-૧૯૮૨, એજન, પાન નં- ૪૧
2. ‘છ વીઘા જમીન’,ફકીર મોહન સેનાપતિ,સાહિત્ય અકાદમી,નવી દિલ્હી,પ્રથમ આવુતિ-૧૯૮૨, એજન, પાન નં- ૮૮
3. ‘છ વીઘા જમીન’,ફકીર મોહન સેનાપતિ,સાહિત્ય અકાદમી,નવી દિલ્હી,પ્રથમ આવુતિ-૧૯૮૨, એજન, પાન નં- ૧૫૦

http://vidyajournal.org